**31.12.2022** પ્રાતઃમુરલી
ઓમ શાંતિ
બાપદાદા
મધુબન

"મીઠાં બાળકો - તમારે શિવ જયંતી નો તહેવાર ખૂબ ધામધૂમ થી મનાવવાનો છે, આ તમારા માટે ખૂબ મોટો ખુશી નો દિવસ છે, બધાંને બાપ નો પરિચય આપવાનો છે"

પ્રશ્ન :- કયા બાળકો પોતાનું ખૂબ મોટું નુકસાન કરે છે? નુકસાન ક્યારે થાય છે?

ઉત્તર :- જ્યારે બાળકો ચાલતાં-ચાલતાં ભણવાનું છોડી દે છે, તે પોતાનું ખૂબ મોટું નુકસાન કરે છે. બાબા રોજ આટલાં હીરા રતન આપે છે, ગુહ્ય પોઈન્ટસ (વાતો) સંભળાવે છે, જો કોઈ રેગ્યુલર (નિયમિત) નથી સાંભળતાં તો નુકસાન થઈ જાય છે. નાપાસ થઈ જાય છે, સ્વર્ગની ઊંચી બાદશાહી ગુમાવી દે છે. પદ ભ્રષ્ટ થઈ જાય છે.

ગીત :- રાત કે રાહી થક મત જાના.....

ઓમ્ શાંતિ ! આ રાત અને દિવસ મનુષ્યોનાં માટે છે. શિવબાબા નાં માટે રાત અને દિવસ નથી. આ આપ બાળકોનાં માટે છે, મનુષ્યોનાં માટે છે. બ્રહ્માની રાત બ્રહ્માનો દિવસ કહેવાય છે. શિવ નો દિવસ, શિવ ની રાત એવું ક્યારેય નથી કહેવાતું. ફક્ત એક બ્રહ્મા પણ નહીં કહેવાય. એકની રાત નથી હોતી. ગવાય છે બ્રાહ્મણો ની રાત. તમે જાણો છો હવે છે ભક્તિમાર્ગ નો અંત, સાથે-સાથે ઘોર અંધારા નો પણ અંત છે. બાપ કહે છે - હું આવું જ ત્યારે છું જ્યારે બ્રહ્માની રાત હોય છે. તમે હવે સવાર માટે ચાલવા લાગી ગયાં છો. જ્યારે તમે બ્રહ્મા નાં સંતાન આવીને બનો છો ત્યારે તમને બ્રાહ્મણ કહેવાય છે. બ્રાહ્મણોની રાત પૂરી થાય પછી દેવતાઓનો દિવસ શરું થાય છે. બ્રાહ્મણ જઈને દેવતા બનશે. આ યજ્ઞ થી ખૂબ મોટો બદલાવ આવે છે. જૂની દુનિયા બદલાઈ નવી થાય છે. કળિયુગ છે જૂનો યુગ, સતયુગ છે નવો યુગ. પછી ત્રેતા ૨૫ ટકા જૂનો, દ્વાપર ૫૦ ટકા જૂનો. યુગ નું નામ જ બદલાઈ જાય છે. કળિયુગ ને બધાં જૂની દુનિયા કહેશે. ઈશ્વર કહેવાય છે બાપને, જે ઈશ્વરીય રાજ્ય સ્થાપન કરે છે. બાપ કહે છે હું કલ્પ-કલ્પ સંગમયુગ માં આવું છું. સમય તો લાગે છે ને. આમ તો છે એક સેકન્ડની વાત, પરંતુ વિકર્મ વિનાશ થવામાં સમય લાગે છે કારણ કે અડધાકલ્પ નાં પાપ માથા પર છે. બાપ સ્વર્ગ રચે છે તો આપ બાળકો પણ સ્વર્ગનાં માલિક તો બનશો. પરંતુ માથા પર જે પાપો નો બોજો છે એને ઉતારવામાં સમય લાગે છે. યોગ લગાવવો પડે છે. પોતાને આત્મા જરુર સમજવાનું છે. પહેલાં જ્યારે બાબા કહેતા હતાં તો શરીરનાં બાપ યાદ આવતા હતાં. હવે બાબા કહેવાથી બુદ્ધિ ઉપર ચાલી જાય છે. દુનિયામાં બીજા કોઈની બુદ્ધિમાં એ નથી હોતું કે અમે આત્મા રુહાની બાપ નાં સંતાન છીએ. આપણા બાપ, શિક્ષક, ગુરુ ત્રણેય રુહાની છે. યાદ પણ એમને કરે છે. આ છે જૂનું શરીર, આને શું શૃંગાર કરવાનો છે. પરંતુ અંદરથી સમજીએ છીએ હમણાં આપણે વનવાહ માં છીએ. સાસરે નવી દુનિયામાં જવાના છીએ. અંતમાં કાંઈ પણ નથી રહેતું. પછી આપણે જઈને વિશ્વનાં માલિક બનીએ છીએ. આ સમયે આખી દુનિયા જેમકે વનવાસ માં છે, આમાં રાખ્યું જ શું છે, કાંઈ પણ નહીં. જ્યારે સાસરું હતું તો હીરા-જવેરાત નાં મહેલ હતાં. માલ-ઠાલ હતાં. હવે પછી પિયરઘર થી સાસરાઘરે જવાનું છે. હમણાં તમે કોની પાસે આવ્યાં છો? કહેશે બાપદાદા ની પાસે. બાપે દાદા માં પ્રવેશ કર્યો છે, દાદા તો છે જ અહીંનાં રહેવાસી. તો બાપદાદા બંને કંબાઈન્ડ (સંયુક્ત) છે. પરમપિતા પરમાત્મા પતિત-પાવન છે. એમનો આત્મા જો શ્રીકૃષ્ણ માં હોત, એ જ્ઞાન સંભળાવત તો શ્રીકૃષ્ણ ને પણ બાપદાદા કહેવાત. પરંતુ શ્રીકૃષ્ણને બાપદાદા કહેવું શોભતું જ નથી. બ્રહ્મા જ પ્રજાપિતા ગવાયેલાં છે. બાપે સમજાવ્યું છે આ ૫ હજાર વર્ષનું ચક્ર છે. આપ બાળકો પ્રદર્શની જ્યારે દેખાડો છો તો એમાં આ પણ લખો કે આજ થી ૫ હજાર વર્ષ પહેલાં પણ અમે આ પ્રદર્શની દેખાડી હતી અને સમજ્યું હતું કે બેહદનાં બાપ પાસે થી સ્વર્ગ નો વારસો કેવી રીતે લેવાય છે. આજથી ૫ હજાર વર્ષ પહેલાં માફક ફરીથી ત્રિમૂર્તિ શિવ જયંતી મનાવીએ છીએ. આ શબ્દ જરુર લખવો પડે. આ બાબા ડાયરેક્શન (માર્ગદર્શન) આપી રહ્યાં છે, એનાં પર ચાલવાનું છે. શિવ જયંતી ની તૈયારી કરવાની છે. નવી-નવી વાત જોઈ મનુષ્ય વન્ડર ખાશે (આશ્ચર્યચકિત થશે). સારો ભપકો કરવો જોઈએ. અમે ત્રિમૂર્તિ શિવની જયંતી મનાવીએ છીએ. છુટ્ટી (રજા) કરે છે. શિવ જયંતી ની છુટ્ટી ઓફીશિયલ (કાયદેસર) છે. કોઈ કરે છે, કોઈ નથી કરતાં. તમારો આ ખૂબ મોટો દિવસ છે. જેમ ક્રિશ્ચન લોકો ક્રિસમસ મનાવે છે. ખૂબ ખુશી મનાવે છે. હવે તમારે આ ખુશી મનાવવી જોઈએ. બધાંને બતાવવાનું છે કે અમે બેહદનાં બાપ પાસે થી વારસો

લઈ રહ્યાં છીએ. જે જાણે છે તે જ ખુશી મનાવશે. સેન્ટર્સ (સેવાકેન્દ્ર) માં પરસ્પર મળશે. અહીં તો બધાં આવી ન શકે. આપણે મનાવીએ છીએ જન્મદિવસ. શિવબાબા નું મૃત્યુ તો થઈ ન શકે. જેમ શિવબાબા આવ્યાં છે તેમ ચાલ્યાં જશે. જ્ઞાન પૂરું થઈ ગયું. લડાઈ શરુ થઈ ગઈ. બસ. એમને પોતાનું શરીર તો છે નહીં. આપ બાળકોએ પોતાને આત્મા સમજી પૂરાં દેહી-અભિમાની બનવાનું છે. આમાં મહેનત લાગે છે. સતયુગમાં તો આત્મ-અભિમાની છે. ત્યાં અકાળે મૃત્યુ નથી થતું. અહીં બેઠાં-બેઠાં કાળ આવી જાય છે, હાર્ટફેલ થઈ જાય છે. કહેશે ઈશ્વર ની ભાવી. પરંતુ ઈશ્વરની ભાવી નથી. તમે કહેશો ડ્રામા ની ભાવી. ડ્રામા માં એમનો પાર્ટ એવો હતો. હમણાં તો છે જ આયરન એજ (કળિયુગ), નવી દુનિયા ગોલ્ડન એજ (સતયુગ) હતી. સતયુગ નાં મહેલ કેટલાં હીરા થી શણગારેલાં હશે. અઢળક ધન હશે. પરંતુ એનું પૂરું વૃતાંત નથી. થોડો અર્થક્વેક (ભૂકંપ) વગેરે થાય છે તો તૂટીફૂટી પડે છે, નીચે ચાલ્યાં જાય છે તો આ વાતોનું બુદ્ધિથી કામ લેવાનું છે. આ ખાવાનું બુદ્ધિ માટે છે. તમારી બુદ્ધિ ઉપર ચાલી ગઈ છે. રચતા ને જાણવાથી રચના ને પણ જાણો છો. આખી સૃષ્ટિ નું રહસ્ય બુદ્ધિમાં છે. ડ્રામા માં ઊંચા માં ઊંચા છે ભગવાન. પછી બ્રહ્મા-વિષ્ણુ-શંકર આપણે આ ત્રણેયનું ઓક્યુપેશન (કર્તવ્ય) બતાવી શકીએ છીએ. શું-શું પાર્ટ છે? જગત અંબા નો કેટલો મોટો મેળો લાગે છે. જગત અંબા, જગત પિતા નો પરસ્પર શું સંબંધ છે? આ કોઈ નથી જાણતું કારણ કે આ ગુપ્ત વાત છે. મા તો આ બેઠી છે, એ હતી એડોપ્ટ કરેલી (અપનાવેલી) એટલે ચિત્ર એનાં બનેલાં છે. એને જગત અંબા કહેવાય છે. બ્રહ્મા ની દીકરી સરસ્વતી. ભલે મા નું ટાઈટલ (શીર્ષક) આપ્યું છે પરંતુ હતી તો દીકરી. સહી (હસ્તાક્ષર) કરતી હતી બ્રહ્માકુમારી સરસ્વતી. તમે એને મમ્મા કહેતા હતાં. બ્રહ્માને મા કહેવાનું શોભતું નથી. આ સમજવામાં અને સમજાવવામાં ખૂબ રિફાઇન (સ્વરછ) બુદ્ધિ જોઈએ. આ ગુહ્ય વાતો છે. તમે કોઈનાં પણ મંદિરમાં જશો તો ઝટ તેનું ઓક્યુપેશન જાણી લેશો. ગુરુ નાનક નાં મંદિરમાં જશો તો ઝટ બતાવી દેશો કે તે ફરી ક્યારે આવશે? તે લોકો ને કાંઈ ખબર નથી કારણ કે કલ્પ ની આયુ લાંબી કરી દીધી છે. તમે વર્ણન કરી શકો છો. બાપ કહે છે જુઓ હું તમને કેવી રીતે ભણાવું છું? આવું કેવી રીતે છું? શ્રીકૃષ્ણની તો વાત જ નથી. ગીતા નાં પાઠ કરતા રહે છે, કોઈ ૧૮ અધ્યાય યાદ કરે છે તો એમની કેટલી મહિમા થઈ જાય છે. એક શ્લોક સંભળાવશે તો કહેશે વાહ! વાહ! આમના જેવાં મહાત્મા તો કોઈ નથી. આજકાલ તો રિદ્ધિ-સિદ્ધિ પણ ખૂબ છે. જાદુનો ખેલ ખૂબ દેખાડે છે. દુનિયામાં ઠગી ખૂબ છે. બાપ તમને કેટલું સહજ સમજાવે છે. પરંતુ ભણવા વાળા પર આધાર છે. શિક્ષક તો એકરસ ભણાવે છે કોઈ નહીં ભણે તો નાપાસ થશે. આ પણ થવાનું જરુર છે. આખી રાજધાની સ્થાપન થવાની છે. તમે આ જ્ઞાન-સ્નાન કરી, જ્ઞાન નાં ગોથા લગાવી પરિસ્તાન (સ્વર્ગ) ની પરી અર્થાત્ સ્વર્ગ નાં માલિક બની જાઓ છો. રાત-દિવસ નો ફરક છે. ત્યાં તત્વ પણ સાતોપ્રધાન હોવાથી શરીર પણ એક્યુરેટ (બરાબર) બને છે. નેચરલ બ્યુટી (કુદરતી સૌંદર્ય) રહે છે. એ છે ઈશ્વરની સ્થાપન કરેલી ભૂમિ. હમણાં આસુરી ભૂમી છે. સ્વર્ગ, નર્ક માં ખૂબ ફરક છે. હમણાં તમારી બુધ્ધિમાં ડ્રામા નાં આદિ-મધ્ય-અંત નું રહસ્ય બેઠેલું છે, નંબરવાર પુરુષાર્થ અનુસાર.

બાપ કહે છે - સારી રીતે પુરુષાર્થ કરો. બાળકીઓ નવાં-નવાં સ્થાન પર ચક્ર લગાવવા જાય છે. જો સારી માતાઓ વગેરે છે તો સર્વિસને જમાવવી પડે. સેન્ટર પર જો કોઈ નથી આવતાં તો પોતાનું નુકસાન કરે છે. કોઈ ભણવા માટે નથી આવતાં તો એમને પછી લખવું જોઈએ તમે ભણતા નથી એનાંથી તમને ખૂબ નુકસાન થઈ જશે. રોજ-રોજ બહુજ ગુહ્ય પોઇન્ટ્સ નીકળે છે. આ છે હીરા રતન, તમે ભણશો નહીં તો નાપાસ થઈ જશો. આટલી ઊંચી સ્વર્ગની બાદશાહી ગુમાવી દેશો. મોરલી તો રોજ સાંભળવી જોઈએ. આવાં બાપ ને છોડી દીધાં તો યાદ રાખજો, નાપાસ થઈ જશો, પછી ખૂબ રડશો. લોહીનાં આંસુ વહાવશો. ભણતર તો ક્યારેય ન છોડવું જોઈએ. બાબા રજીસ્ટર જુએ છે. કેટલાં રેગ્યુલર આવે છે. ન આવવા વાળા ને પછી સાવધાન કરવા જોઈએ. શ્રીમત કહે છે - ભણશો નહીં તો પદ ભ્રષ્ટ થઈ જશે. ખૂબ નુકસાન પડી જશે. એવું લેખન-વાંચન કરો - ત્યારે તમે સ્કૂલને સારી રીતે ઉઠાવી શકશો. એવું નહીં કોઈ નહીં આવ્યું તો છોડી દીધું. ટીચર ને ઓના (ચિંતા) રહે છે કે અમારા સ્ટુડન્ટ વધારે નહીં પાસ થાય તો ઇજ્જત (આબરુ) જશે. બાબા લખે પણ છે તમારા સેન્ટર પર સર્વિસ ઓછી ચાલે છે, કદાચ તમે સૂતાં રહો છો. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર **:-**

1. આ જૂનાં શરીર નો શૃંગાર નથી કરવાનો. વનવાહ માં રહી નવાં ઘર માં ચાલવાની તૈયારી કરવાની છે.

2. જ્ઞાન સ્નાન રોજ કરવાનું છે. ક્યારેય પણ ભણતર મિસ નથી કરવાનું (છોડવાનું નથી).

વરદાન :- મહાનતા ની સાથે નિર્માનતા ને ધારણ કરી સર્વ નું માન પ્રાપ્ત કરવાવાળા સુખદાયી ભવ

મહાનતા ની નિશાની નિર્માનતા છે. જેટલાં મહાન એટલાં નિર્માન કારણ કે સદા ભરપૂર છે. જેમકે વૃક્ષ જેટલું ભરપૂર હશે એટલું નમેલું હશે. તો નિર્માનતા જ સેવા કરે છે અને જે નિર્માન રહે છે એ જ સર્વ દ્વારા માન મેળવે છે. જે અભિમાન માં રહે છે એમને કોઈ માન નથી આપતું, એનાંથી દૂર ભાગે છે. જે નિર્માન છે તે સુખદાયી હશે. એમની પાસે થી બધાં સુખ ની અનુભૂતિ કરશે. બધાં એમનાં સમીપ આવવા ઈચ્છશે.

સ્લોગન :- ઉદાસી ને તલાક આપવા માટે ખુશીઓ નો ખજાનો સદા સાથે રાખો.

માતેશ્વરીજી નાં મધુર મહાવાક્ય

ગીત :- નયનહીન કો રાહ દિખાઓ પ્રભુ....

હવે આ જે મનુષ્ય ગીત ગાય છે નયનહીન કો રાહ બતાવો, તો એટલે રાહ દેખાડવા વાળા એક જ પરમાત્મા થયાં, ત્યારે તો પરમાત્માને બોલાવે છે અને જે સમયે કહે છે પ્રભુ રાહ બતાવો તો જરુર મનુષ્યો ને રાહ દેખાડવા માટે સ્વયં પરમાત્મા ને નિરાકાર રુપ થી સાકાર રુપમાં અવશ્ય આવવું પડશે, ત્યારે તો સ્થૂળ માં રાહ બતાવશે, આવ્યાં વગર રાહ તો બતાવી ન શકે. હવે મનુષ્ય જે મૂંઝાય છે, એ મુંઝાયેલા ને રાહ જોઈએ એટલે પરમાત્માને કહે છે નયનહીન કો રાહ બતાવો પ્રભુ.... એમને જ પછી ખેવૈયા પણ કહેવાય છે, જે પેલે પાર અથવા આ ૫ તત્વો ની જે બનેલી સૃષ્ટિ છે એનાંથી પાર કરી પેલે પાર અર્થાત્ ૫ તત્વો થી પાર જે છઠ્ઠું તત્વ અખંડ જ્યોતિ મહતત્વ છે એમાં લઈ જશે. તો પરમાત્મા પણ જ્યારે એ પાર થી આ પાર આવે ત્યારે તો લઈ ચાલશે. તો પરમાત્માને પણ પોતાનાં ધામ થી આવવું પડે છે ત્યારે તો પરમાત્મા ને ખેવૈયા કહે છે. એ જ આપણને બોટને (આત્મા રુપી નાવ ને) પાર લઈ જાય છે. હવે જે પરમાત્મા ની સાથે યોગ રાખે છે એમને સાથે લઈ જશે. બાકી જે બચી જશે તે ધર્મરાજ ની સજાઓ ખાઈને પછી મુક્ત થાય છે.

૨) કાંટા ની દુનિયા માંથી લઈ ચાલો ફૂલો ની છાયા માં, હવે આ બોલાવો ફક્ત પરમાત્મા માટે કરી રહ્યાં છે. જ્યારે મનુષ્ય અતિ દુઃખી થાય છે તો પરમાત્મા ને યાદ કરે છે, પરમાત્મા આ કાંટા ની દુનિયા થી લઈ ચાલો ફૂલોની છાયા માં, આનાથી સિધ્ધ છે કે જરુર તે પણ કોઈ દુનિયા છે. હવે આ તો બધાં મનુષ્ય જાણે છે કે હમણાં નો જે સંસાર છે તે કાંટા થી ભરેલો છે. જેનાં કારણે મનુષ્ય દુઃખ અને અશાંતિ પ્રાપ્ત કરી રહ્યાં છે અને યાદ પછી ફૂલોની દુનિયાને કરે છે. તો જરુર તે પણ કોઈ દુનિયા હશે જે દુનિયાનાં સંસ્કાર આત્મામાં ભરેલા છે. હવે આ તો આપણે જાણીએ છીએ કે દુઃખ અશાંતિ આ બધાં કર્મબંધન નાં હિસાબ-કિતાબ છે. રાજા થી લઈને રંક સુધી દરેક મનુષ્ય માત્ર આ હિસાબ માં પૂરાં જકડાયેલાં છે એટલે પરમાત્મા તો સ્વયં કહે છે હમણાં નો સંસાર કળિયુગ છે, તો તે બધો કર્મ બંધન નું બનેલો છે અને આગળ નો સંસાર સતયુગ હતો જેને ફૂલોની દુનિયા કહે છે. હવે તે છે કર્મબંધન થી રહિત જીવનમુક્ત દેવી-દેવતાઓનું રાજ્ય, જે હમણાં નથી. હવે આ જે આપણે જીવનમુક્ત કહીએ છીએ, તો આનો અર્થ આ નથી કે આપણે કોઈ દેહ થી મુક્ત હતાં, એમને કોઈ દેહ નું ભાન નહોતું, પરંતુ તેઓ દેહમાં હોવા છતાં પણ દુઃખ ને પ્રાપ્ત નહોતાં કરતાં; એટલે ત્યાં કોઈ પણ કર્મબંધન નો મામલો નથી. તેઓ જીવન લે, જીવન છોડે આદિ-મધ્ય-અંત સુખ ને પ્રાપ્ત કરતા હતાં. તો જીવનમુક્તિ નો મતલબ છે જીવન હોવા છતાં કર્માતીત, હમણાં આ આખી દુનિયા ૫ વિકારોમાં પૂરી જકડાયેલી છે, સમજો ૫ વિકારો નો પૂરેપૂરો વાસ છે, પરંતુ મનુષ્ય માં એટલી તાકાત નથી જે આ ૫ ભૂતો ને જીતી શકે, ત્યારે જ પરમાત્મા સ્વયં આવીને આપણને ૫ ભૂતો થી છોડાવે છે અને ભવિષ્ય પ્રાલબ્ધ દેવી-દેવતા પદ પ્રાપ્ત કરાવે છે. અચ્છા - ઓમ્ શાંતિ.